# પ્રેસ અને તેની સ્વતંત્રતા માટે આ દિવસ કેમ મહત્ત્વનો?



ફ્રીડમ ઑફ પ્રેસના મુદ્દે વિશ્વ ભરમાં ચર્ચાઓ ચાલી રહી છે. લોકતંત્રમાં પ્રેસને ચોથો સ્તંભ ગણવામાં આવે છે. પરંતુ વિશ્વના ઘણા દેશોમાં અભિવ્યક્તિ સ્વતંત્રતા સમાન પ્રેસને અધિકાર આપવામાં આવ્યા નથી. સાચી જાણકારીના અધિકારથી લોકોને વંચિત રાખવામાં આવ્યા છે. સામાન્ય રીતે દેશ ઉપર ખતરો છે, તેવા બહાના હેઠળ આ કામ થાય છે. જોકે, વિશ્વભરમાં પ્રેસની આઝાદીના સન્માન માટે ત્રીજી મેના રોજ પ્રેસ સ્વતંત્રતા દિવસ (World Press Freedom Day)ની ઉજવણી કરવામા આવે છે.

કેમ મહત્ત્વનું?

આજે જેટલી જાગૃતિ પ્રેસ અને મીડિયામાં છે તેટલી જાગૃતિ અગાઉ નહોતી. વર્તમાન સમયે આ ક્ષેત્ર દેશના વિકાસ માટે મહત્ત્વનો માનવામાં આવે છે. દરમિયાન વિગતોના આદાન-પ્રદાન માટે પણ ઈન્ટરનેટનો ઉપયોગ થવા લાગતાં હવે આ માધ્યમથી ખૂબ જ ઝડપથી ફેલાવા લાગ્યું છે. અલબત્ત કેટલાક દેશોમાં પ્રેસની આઝાદી ઉપર લગામ લગાવી દેવાતા કપરા ચઢાણ સાબિત થઈ રહ્યા છે.

દર વર્ષે એવોર્ડ અપાય છે

યુનેસ્કો દ્વારા વર્ષ ૧૯૯૭થી દર વખતે ત્રણ મહિના રોજ વિશ્વ સ્વતંત્રતા દિવસ મનાવવામાં આવે છે. આ તકે ગિલેરમો કાનો વર્લ્ડ પ્રેસ ફ્રીડમ એવોર્ડ આપવામાં આવે છે. આ એવોર્ડ એવા વ્યક્તિ અથવા સંસ્થાને અપાય છે, જેણે પ્રેસની આઝાદી માટે અસરકારક કામ કર્યું હોય. આશ્ચર્યજનક રીતે, ભારતના એક પણ પત્રકાર અથવા સંસ્થાને એવોર્ડ અપાયો નથી.

યુનેસ્કોનું શું કહેવું છે?

પ્રેસ સ્વતંત્રતા દિવસની ઉજવણી પાછળ યુનેસ્કોનો હેતુ પ્રેસની સ્વતંત્રતા પ્રત્યેની પ્રતિબધ્ધતાનો આદર કરવાની જરૂર હોવાનું સરકારોને યાદ અપાવવાનો છે. મીડિયા કર્મચારીઓ, પત્રકારો માટે પ્રેસની સ્વતંત્રતા અને વ્યવસાયિક મૂલ્યોને યાદ રાખવાનો દિવસ પણ છે. આ દિવસ પ્રેસ અને અભિવ્યક્તિની સ્વતંત્રતા માટે કામ કરતી વખતે વિરોધ અને જુલમનો ભોગ બન્યા હોય તેવા મીડિયા ક્ષેત્રના લોકોના સમર્થન માટે છે.

ત્રણ મુખ્ય ઉદ્દેશો કયા?

આ થીમ વિશ્વના તમામ દેશો માટે મહત્ત્વપૂર્ણ છે તેવું યુનેસ્કોનું કહેવું છે. જેનાથી બદલાતી કમ્યુનિકેશન મિકેનિઝમ્સની ઓળખ મળે છે. આપણા સ્વાસ્થ્ય, માનવાધિકાર, લોકશાહી અને ટકાઉ વિકાસને પણ તે અસર કરે છે. યુનેસ્કો આ વર્ષે ત્રણ પોઈન્ટને મહત્ત્વના ગણ્યા છે. સમાચાર માધ્યમોની આર્થિક સદ્ધરતાની ખાતરી કરવી, ઈન્ટરનેટ કંપનીઓની પારદર્શિતા સુનિશ્ચિત કરવા અને મીડિયા અને માહિતી સાક્ષરતા ક્ષમતાઓને વધારવાનો મુદ્દો આવરી લેવાયો છે.

ઉલ્લેખનીય છે કે, વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે ઉજવવા ૧૯૯૧માં વિન્ડોહોકમાં યુનેસ્કોની પરિષદમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સંમેલન ત્રીજી મેના રોજ સમાપ્ત થયું ત્યારે સ્વતંત્ર, આત્મનિર્ભર અને બહુવચનવાદી પ્રેસ માટેના મેન્યુફેસ્ટને સ્વીકારવામાં અપનાવવામાં આવ્યું હતું. ૩૦ વર્ષ પહેલાનું આ મેન્યુફેસ્ટ આજે પણ જન હિત આજે એટલું જ મહત્ત્વપૂર્ણ છે જેટલું તે સમય હતું.

# ડોક્ટરો-આરોગ્યકર્મીઓની સેવા પણ ગ્રાહક કાયદામાં આવે

## સંસદ જો બાકાત રાખવા માગતી હોત તો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હોત, એનજીઓની અપીલ ફગાવતી સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે શુક્રવારે કહ્યું હતું કે ડોકટરો અને આરોગ્યસંભાળ સેવાઓને ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૨૦૧૯ના દાયરામાંથી બાકાત રાખવામાં આવ્યા નથી અને તેને લગતી પીઆઈએલને પ્રેરિત પીઆઈએલ ગણાવી હતી.

જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને હિમા કોહલીની બેંચે બોમ્બે હાઈકોર્ટના ચુકાદાને સમર્થન આપ્યું હતું જેમાં કહેવામાં આવ્યું હતું કે ડોકટરો અને આરોગ્યસંભાળ સેવા પ્રદાતાઓ ગ્રાહક સુરક્ષા કાયદાના દાયરામાં આવે છે.

અરજદાર તરફથી એક એનજીઓ મેડિકોસ લીગલ એક્શન ગ્રૂપની રજૂઆત કરતાં વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ લુથરાએ જણાવ્યું હતું કે ૧૯૮૬ના કાયદામાં સેવાઓની વ્યાખ્યામાં હેલ્થકેરનો કોઈ ઉલ્લેખ નહોતો અને નવા કાયદા હેઠળ તેનો સમાવેશ કરવાની દરખાસ્ત હોવા છતાં, તે વાસ્તવમાં નથી. સમાવેશ થાય છે.



બેંચે કહ્યું કે કાનૂન કોઈપણ વર્ણનની સેવાઓ કહે છે અને સેવાની વ્યાખ્યા પૂરતી વિશાળ છે અને જો સંસદ તેને બાકાત રાખવા માંગતી હોત તો તેણે સ્પષ્ટપણે કહ્યું હોત.જસ્ટિસ ચંદ્રચુડે કહ્યું, વાસ્તવમાં તમારા ક્લાયન્ટે સેલ્ફ ગોલ કર્યો છે.

કેટલાક ઉપભોક્તાઓએ ડોક્ટર સામે બેદરકારીનો કેસ કર્યો છે અને તેઓએ તેને પીઆઈએલ દાખલ કરવા માટે કહ્યું છે. આ એક પ્રેરિત પીઆઈએલ છે.ખંડપીઠે ઉમેર્યું હતું કે હેલ્થકેરને હટાવવાનું કારણ એ હતું કે સેવાઓની વ્યાખ્યા પોતે જ પૂરતી વિશાળ છે અને ગૃહમાં મંત્રીનું ભાષણ કાનૂનમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે તે પ્રતિબંધિત કરી શકતું નથી.

જસ્ટિસ ચંદ્રચુડે તેમના દ્વારા પસાર કરાયેલા તાજેતરના ચુકાદાનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ટેલિકોમ સેવાઓનો પણ આવો જ મામલો છે જે ૧૯૮૬ના કાયદામાં ન હતો પરંતુ કોર્ટે કહ્યું કે તે સૂચિત કરે છે કે તે કોઈપણ વર્ણનની સેવાઓ હેઠળ આવરી લેવામાં આવે છે.ખંડપીઠે કહ્યું, તમે જે મંત્રીનો ઉલ્લેખ કરી રહ્યા છો તેનું ભાષણ ખૂબ જ સાવચેતીભર્યું છે.

અમે હાઈકોર્ટના ચુકાદાને સમર્થન આપીશું અને તમે ચાર અઠવાડિયાની અંદર દંડ ચૂકવશો.

ગયા વર્ષના બોમ્બે હાઈકોર્ટના ચુકાદાએ પીઆઈએલને ફગાવી દેતા કહ્યું હતું કે ૧૯૮૬ અને ૨૦૧૯ના કાયદા હેઠળ સેવાઓની વ્યાખ્યામાં બહુ તફાવત નથી કારણ કે ૧૯૮૬ના કાયદામાં પણ આરોગ્ય સંભાળ સેવાઓનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

હાઈકોર્ટે એનજીઓ પર ૫૦ હજાર રૂપિયાનો ખર્ચ લગાવ્યો હતો.

# મોરબીના રસ્તાઓમાં ખાડાઓની ઉત્તમ સુવિધા આપતું નગર પાલિકા!!





મોરબીના નવા બસ સ્ટેન્ડ પાસે જ અકસ્માતને આમંત્રણ આપતો ખાડો નગર પાલિકાની ગેરવહીવટની ચાડી ખાતા આ ખાડામાં બસના ટાયર ખુંપી ગયેલ છે મોરબીના નાક સમાન બસ સ્ટેન્ડ પાસે જ્યાંથી હજારો વાહનો પસાર થાય છે ત્યાં જ મસ મોટા ખાડાથી વાહન ચાલકો પરેશાન છે. (રિપોર્ટ: જયદેવ બુધ્ધભટ્ટી)

# સીરામીક ઉદ્યોગને વધુ એક ફટકો ગેસના ભાવમાં ૫ રૂપિયાનો વધારો કરાયો



ગુજરાત ગેસ કંપનીએ સીરામીક ઉદ્યોગ માટે ગેસ વપરાશની મર્યાદા દૂર કરી ૧લી મેથી અંદાજે ૯ ટકા જેટલો ભાવ વધારો કર્યો : ભાવ વધારાના પગલે મોરબી સીરામીક ઉદ્યોગને દૈનિક અઢી કરોડનો ફટકો

મોરબી : મોરબી સીરામીક ઉદ્યોગ હાલ કપરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. ત્યારે સીરામીક ઉદ્યોગને ગેસ સપ્લાય કરતી સરકારી કંપની ગુજરાત ગેસ દ્વારા ફરી એક વાર ગેસના ભાવમાં વધારો જાહેર કર્યો છે. જેમાં આવતી કાલ ૧લીમેથી પ્રતિ ક્યુબીક મીટરે પાંચ રૂપિયાનો ભાવ વધારો કરવામાં આવ્યો છે. જોકે આ સાથે સીરામીક ઉદ્યોગ માટે ગેસ વપરાશની મર્યાદા દૂર કરવામાં આવી છે.

# મોરબી સત્સંગ સમાજ દ્વારા આયોજીત શ્રી હનુમાન ચાલીસા કથા યોજાયી

## પ.પૂ. શ્રી હરિપ્રકાશદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં કથામાં હજારો ભાવિકો જોડાયા




મોરબીના ઘુનડા રોડ પાસે આવેલ સનસીટી ગ્રાઉન્ડ ખાતે તા. ૨૬ થી ૨ મે સુધી આ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિશાળ સંખ્યામાં લોકો આ કથામાં ઉપસ્થિત રહ્યા હતા (રિપોર્ટ - જયદેવ બુધ્ધભટ્ટી)

# મોરબીમાં નિર્માણાધીન બીએપીએસ મંદિરનો પ્રથમ સ્તંભપૂજન મહોત્સવ યોજાયો

(ચિરાગ ધરજીયા દ્વારા) ભારતીય સંસ્કૃતિના રક્ષક, પોષક અને સંવર્ધક વિશ્વવંદનીય પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ અને પ્રગટ ગુરુહરિ પ.પૂ.મહંતસ્વામી મહારાજના આશીર્વાદથી મચ્છુ નદીના સુંદર તટે આવનારા દિવસોમાં ભવ્યાતિભવ્ય શિખરબદ્ધ મંદિર નિર્માણ પામશે ત્યારે મંદિર ખાતે સંસ્થાના વરિષ્ઠ સદગુરુવર્ય સંત પૂજ્ય ભક્તિપ્રિય સ્વામીની સંનિધિ સાથે સૌરાષ્ટ્રના વિવિધપ્રાંતના સંતો, હરિભક્તો, ઉદ્યોગપતિ, રાજકીય આગેવાનોની હાજરીમાં પ્રથમ સ્તંભની પૂજન - સ્થાપનવિધિ ઉત્સવ યોજાયો હતો.



ઉત્સવમાં વહેલી સવારે ૬.૩૦ કલાકે સંતોની પ્રેરક ઉપસ્થિતિમાં વેદોક્તવિધિ પૂર્વક મહાપૂજાવિધિ યોજાઈ હતી. ત્યારે બાદ પ્રથમ સ્તંભ પૂજનવિધિ કરવામાં આવી હતી જેમાં ૧૨૦૦થી અધિક યજમાનો જોડાયા હતા. મંદિરમાં વિશેષ સેવા આપનાર અને ઉત્સવમાં પધારેલા મહાનુભવોને ફૂલહાર દ્વારા સન્માનિત કવામાં આવ્યા હતા. આ ઉત્સવ માટે પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે સુરતથી વિડિયો આશીર્વચન પાઠવ્યા હતા. આ ઉત્સવમાં સૌરાષ્ટ્રના વિવિધ ક્ષેત્રો રાજકોટ, જામનગર, ભાવનગર, ભુજ, ગોંડલ, અમરેલી, ગઢડાથી આવેલ કોઠારી સ્વામી, સંતો અને પાર્ષદ પણ જોડાયા હતા. મોરબી મંદિરમાં જેમનું વિશેષ યોગદાન છે એવા ટાન્ઝાનિયા દારેસલામના હરિભક્ત અને મોરબી મંદિરના મુખ્ય યજમાન ચુડાસામા પરિવારના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉત્સવમાં રાજ્યકક્ષાના મંત્રી બ્રિજેશભાઈ મેરજા ઉપસ્થિત રહ્યા હતા તેઓએ પોતાની ભાવના વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આજે મોરબીના આંગણે સોનાનો સુરજ ઉગ્યો છે. સાથે રાજકોટ સાંસદ મોહનભાઈ કુંડારિયા, મોરબી જિલ્લા કલેકટર જે.બી. પટેલ, રેસિડેન્ટ એડિશનલ કલેકટર એન.કે. મૂછાર સહિત અનેક પદાધિકારીઓ, ઉદ્યોગપતિઓ, વિવિધ સમાજના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીનું એકમાત્ર રાહતદરે કર્તવ્ય પેટ ક્લિનિકનું ઉદ્દ્ઘાટન કરાયું



તસ્વીરઃ મયુર બુદ્ધભટ્ટી

મોરબી શહેરમાં અબોલ પશુઓ પ્રત્યે કરુણા દાખવી ૪ વર્ષથી કાર્યરત કર્તવ્ય જીવદયા કેન્દ્ર દ્વારા મોરબીના ઉમિયા સર્કલ શનાળા રોડ ઉપર આવેલ દ્વારકાધીશ કોમ્પલેક્ષ દુકાન નં. ૪માં શુભારંભ કરવામાં આવ્યો છે.



હવે મોરબીના જીવદયાપ્રેમીઓને પોતાના પશુ-પક્ષીઓને એકદમ રાહતદરે સારવાર આપવામાં આવશે. કર્તવ્ય પેટ ક્લિનિકમાં કોઈપણ બિમાર પ્રાણીઓની સારવાર નહિ નફા નુકશાનના ધોરણે સારવાર પુરી પાડવામાં આવશે. ક્લિનિક થકી પશુઓમાં ચોક્કસ નિદાન માટે લેબોરેટરીમાં પણ ૫૦%નું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. તેમજ વેક્સીનેસન તથા દવાઓમાં ૧૫ થી ૨૦% સુધીનું ડિસ્કાઉન્ટ અપાશે.

કર્તવ્ય પેટ ક્લિનિકમાં બિનવારસી અને માલિક વગરના પશુ-પક્ષીઓની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે. પશુ-પક્ષીઓની રાહતદરે સારવાર માટે લાભ લેવા કર્તવ્ય જીવદયા કેન્દ્રના સભ્યોએ અનુરોધ કર્યો છે. તેમજ વધુ માહિતી માટે ૭૫૭૪૮૮૫૭૪૭ સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું હતું.

# મોરબીમાં ડો. નિમાબેન આચાર્યના હસ્તે ગોકળદાસ પરમાર સ્મૃતિગ્રંથનું વિમોચન



(વૈશાલી બામભરોલીય દ્વારા) મોરબી રાષ્ટ્રીય સેવા મંડળના પ્રમુખ અને લોકસેવક સ્વ. ગોકળદાસભાઈ પરમારની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ગુજરાત વિધાન સભાના અધ્યક્ષ ડો.નિમાબહેન આચાર્યના હસ્તે ગાંધીબાગનું પુષ્પ : ગોકળદાસભાઈ પરમાર સ્મૃતિગ્રંથનું વિમોચન અને સ્વ. ગોકળદાસભાઈ પરમારના પ્રતિમાની અનાવરણ વિધિ યોજાઈ હતી.

# મોરબીના રાસંગપર ગામે ખેડૂતોને નુકશાનીમાં સેવા એ જ સંપતિ ફાઉન્ડેશન દ્વારા આર્થિક મદદ



મોરબીના માળીયા તાલુકામાં રાસંગપર ગામના ખેડૂત શૈલેષભાઈ બાવરવા તેમજ દીપકભાઈ બાવરવાના ખેતરમાં ઉભા મોલ(પાક) માં પીજીવીસીએલની લાઈન નીકળે છે.આગ લાગવાથી લાખો રૂપિયાનું નુકશાન થયેલ અને પીજીવીસીએલ દ્વારા સંતોષકારક જવાબ ન મળતા આ ખેડૂતોને જીલ્લા પંચાયતના ચેરમેન અને નસેવા એ જ સંપત્તિ ફાઉન્ડેશનપ માંથી તે સંસ્થાના ચેરમેન અજયભાઈ લોરીયા દ્વારા બંન્ને ખેડૂતોને ૨૫-૨૫ હજારના ચેક આપીને આર્થિક સહાય કરવામાં આવી હતી. માળીયા તાલુકાના પ્રમુખ મણિલાલ સરડવા, મહામંત્રી મનીષભાઈ કાંજીયા, ખીરઈ ગામના સરપંચ નિલેશભાઈ સંઘાણી, ભારદ્વાજભાઈ રંગપરીયા વિગેરે આ તકે હાજર રહ્યા હતા.

# મોરબી જિલ્લાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૬મી મેના રોજ યોજાશે



લોકોની ફરિયાદોના નિવારણ માટે જિલ્લા કક્ષાએ યોજાતો મે-૨૦૨૨ માસનો "ફરિયાદ નિવારણ કાર્યક્રમ" આગામી તા.૨૬/૦૫/૨૦૨૨ ના રોજ સવારે ૧૧ વાગ્યે કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાશે. આ ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં જિલ્લા કક્ષાના પ્રશ્નો-ફરિયાદો ૧૦મી મે સુધી સબંધિત ખાતાની જિલ્લા કક્ષાની કચેરીનાં વડાને જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ હેઠળની અરજી સ્વરૂપે પહોંચતા કરવાના રહેશે.

જિલ્લા સ્વાગતમાં અરજી કરતા પહેલા કોઈપણ અરજદારે ગ્રામ કક્ષાનો પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયતને તથા તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીશ્રીને પ્રથમ લેખિતમાં અરજી કરેલ હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય, અગાઉ સંબંધીત ખાતામાં કરેલ રજૂઆતનો આધાર રજૂ કરવો, તેમજ આપવામાં આવેલ જવાબ/પ્રત્યુતરની ઝેરોક્ષ નકલ અરજી સાથે રાખવી. અગાઉ રજૂ કરેલ પ્રશ્ન બીજી વખત રજૂ કરવામાં આવે તો પ્રશ્ન ક્રમાંક, માસનું નામ લખવાનું રહેશે.

# મોરબીમાં જલારામ મહિલા મંડળ દ્વારા ભાગવત સપ્તાહમાં મહિલાઓનું સન્માન

(દિપાલી બગડા દ્વારા)જલારામ પ્રાર્થના મંદિર-મોરબી ખાતે જલારામ મંદિર મહિલા મંડળ દ્વારા ૧૫ પોથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનુ બાળવિદુષી રત્નેશ્વરી દેવીજીના વ્યાસાસને અનેરુ આયોજન કરવા મા આવ્યુ છે ત્યારે કૃષ્ણજન્મોત્સવ નિમિતે માનવ મહેરામણ ઉમટી પડયુ હતુ. આ પ્રસંગે જલારામ મંદિર-મોરબીના ટ્રસ્ટી પ્રતાપભાઈ ચગની સુપુત્રી જાનકીબેન જીજ્ઞેશભાઈ કૈલા (ઉપપ્રમુખ- મોરબી જીલ્લા પંચાયત), જલારામ સેવા મંડળ અગ્રણી અનિલભાઈ સોમૈયાની સુપુત્રી શ્વેતાબેન ઠક્કર (સદસ્ય-પાટડી નગરપાલીકા), જયશ્રીબેન સેજપાલ ( પ્રમુખ- વાંકાનેર નગરપાલીકા), જ્યોત્સનાબેન જીતુભાઈ સોમાણી (પૂર્વ ધારાસભ્ય), ચાર્મિબેન સેજપાલ (સદસ્ય-ટંકારા તાલુકા પંચાયત), મેઘાબેન પોપટ તથા સુરભીબેન ભોજાણી ( સદસ્ય- મોરબી નગરપાલીકા), સોનલબેન ઠક્કર (ચેરમેન-જસદણ નગરપાલીકા) સહીત ના મહીલા અગ્રણીઓનુ સંસ્થાના અગ્રણી ગીરીશભાઈ ઘેલાણી, નરેન્દ્રભાઈ રાચ્છ, ભાવીનભાઈ ઘેલાણી, ચિરાગભાઈ રાચ્છ, હસુભાઈ પંડિત, નવીનભાઈ રાચ્છની આગેવાનીમા વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માન કરવામા આવ્યુ હતુ.



કૃષ્ણજન્મોત્સવના પાવન પ્રસંગના દીવસે રાજ્યમંત્રી બ્રિજેશભાઈ મેરજા, ધારાસભ્ય લલીતભાઈ કગથરા, રઘુવંશી રાજકીય અગ્રણી જીતુભાઈ સોમાણી, જીલ્લા પંચાયત વિરોધપક્ષના નેતા નયનભાઈ અઘારા, રાજકીય અગ્રણી જીજ્ઞેશભાઈ કૈલા, મોરબી નગરપાલીકા ઉપપ્રમુખ જયરાજસિંહ જાડેજા, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ જયંતિભાઈ જેરાજભાઈ પટેલ, રાજકીય અગ્રણી મહેશભાઈ રાજયગુરુ સહીતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. રઘુવંશી યુવક મંડળ-મોરબી દ્વારા સંસ્થાના અગ્રણીઓનુ આ તકે સાલ ઓઢાડી સન્માન કરવામા આવ્યુ હતુ.









RNI REG NO. GUJGUJ/2012/46179
ગુજરાતીઓનું અખબાર ચોથી જાગીરનો પડઘો
લૉક જવાલા
LOK JWALA NEWS [ OWNER- EDITOR ]:- MAYUR K. BUDDHABHATTI -9601977755 SM EDITOR- BIMAL MANKAD
લેટેસ્ટ ન્યુઝ આપના મોબાઈલ પર મેળવવા લાઈક કરો ફેસબુક પેજ અને સબસ્ક્રાઈબ કરો યુટ્યુબ ચેનલ
fb @ LOK JWALA NEWS
Youtube @ LOK JWALA NEWS
આપનુ નામ લખી મેસેજ કરો આપના ગ્રુપમાં એડ કરો
WhatsApp : 9601977755
LOKJWALA@YAHOO.COM PRESS - MEDIA -: KISHAN BUDDHBHATTI GROUP :- FB/LOKJWALANEWS WWW.LOKJWALANEWS.COM


Owner-Editor-Publisher : Jaydev K. Budhbhatti, Publishing from bramin street para-1, at Jodiya, Dist. Jamnagar, Printed at, lokjwala printing press, Brahmin street para, Jodiya, Dist. Jamnagar, Publishing every 15 days, Volume-4, Issue-132, Year-8 Price Rs. 3.00, M. 097231 62036

# સબ કા ત્રાસ, સબ કા અવિશ્વાસ!

**વીણા પર ચાણક્યનીતિ ગાઇ શકાતી નથી અને તલવારની ઝંકાર પર મેઘમલ્હાર ગાઇ શકાતો નથી. કેવળ ગુજરાત જ નહીં, દેશભરના માનસમાં જબ્બરદસ્ત બદલાવી આવી ગયો હોવાથી આવનારા સમયમાં શું થશે તેનાં કરતાં શું નહીં થાય તેની કલ્પના માત્ર ધ્રૂજાવી દે તેવી છે. ગઇકાલ સુધી જે સૂચિતાર્થો કોથળામાં પાંશેરી (પાંચ શેરી) રાખીને વર્ણવાતા હતા તે હવે શબ્દો ચોર્યા વિનાં બે-ધડક અને બા-કાયદા ધમકીભર્યા સૂરમાં જગજાહેર કહેવાય રહ્યા છે. (આરએસએસ)ના વડા મોહન ભાગવત ગયા ગુરૂવારે પૂર્વી મહારાષ્ટ્રના ભાનખેડા રોડ પર કંવરરામ ધામના એક કાર્યક્રમમાં બોલ્યા કે જે સમાજને હિંસા પ્રિય છે તે હવે તેના અંતિમ દિવસો ગણી રહ્યો છે!!**



**એકબીજાને ફાડી ખાવાની જાણે હિન્દુ-મુસ્લિમ નેતાઓ વચ્ચે હોડ જામી હોય તેવો માહોલ છે. ઓવેસી ભરી-મસ્જિદમાં એલાન કરે છે કે : જાલિમો! સૂનો! હમ સબ્ર સે કામ લેંગે, લેકિન ઇન્તકામ તો જરૂર લેંગે ઇન્શાઅલ્લાહ! અસદુદ્દીન ઔવેસીએ તો ગઇકાલે પણ આવું જ ભડકામણું ભાષણ આપ્યું. કહ્યું : દેશમાં સમાન નાગરિક સંહિતા (યૂનિફોર્મ સિવિલ કોડ)ની જરૂર જ નથી. કિસી માઇ કે લાલ મેં હિંમત નહીં કિ હમે (મુસલમાનોં કો) પંચિંગ બૈગ બના શકે! ઔરંગાબાદમાં ઇફ્તાર પાર્ટીમાં બોલતા ઓવેસીએ કહ્યું: અગર કોઇ મુસલમાન કટ્ટર હો જાયેગા તો યહ દેશ કે લિયે અચ્છા નહીં હોગા!!**









ગઈકાલે ગુજરાત સ્થાપના દિને ઑનલાઈન-ગુજરાત પ્રેમીઓએ શુભકામનાંઓની ખુબ આપ-લે કરી, પરંતુ તેનાથી ઑફલાઈન જે સિનારિયો ચાલી રહ્યો છે, તેમાં તસૂભારનો ફેર પડ્યો નથી, પડવાનો નથી. કેમ કે વીણા પર ચાણક્યનીતિ ગાઈ શકાતી નથી અને તલવારની ઝંકાર પર મેઘમલ્હાર ગાઈ શકાતો નથી. કેવળ ગુજરાત જ નહીં, દેશભરના માનસમાં જબ્બરદસ્ત બદલાવી આવી ગયો હોવાથી આવનારા સમયમાં શું થશે તેનાં કરતાં શું નહીં થાય તેની કલ્પના માત્ર ધ્રૂજાવી દે તેવી છે. ગઈકાલ સુધી જે સૂચિતાર્થો કોથળામાં પાંશેરી (પાંચ શેરી) રાખીને વર્ણવાતા હતા તે હવે શબ્દો ચોર્યા વિનાં બે-ધડક અને બા-કાયદા ધમકીભર્યા સૂરમાં જગજાહેર કહેવાય રહ્યા છે. રમઝાનના છેલ્લા દિવસે હૈદરાબાદની એક મસ્જિદમાં અલવિદા નમાઝ દરમિયાન અસદુદ્દીન ઔવેસીએ કહ્યું : ખરગોન-દંગા દરમિયાન મુસલમાનોં કે ઘરોં કો તોડા ગયા. દિલ્હી કી જહાઁગીરપુરી મેં ભી મુસલમાનોં પર અત્યાચાર કિયા ગયા. ફિર ભી મૈં મેરે મુસલમાન ભાઈયોં કો કહના ચાહૂંગા કિ હિંમત મત ખોના. ઉત્તાર-ચઢાવ આયેંગે, લેકિન હર ચૂનૌતી કા ડટકર સામના કરના હૈ. ત્યારપછી (હિન્દુ સંગઠનો અને મોદી સરકારનું નામ લીધા વિનાં તેના પર ખૂલ્લેઆમ પ્રહાર કરતાં) ઔવેસી ઔર ભડક્યા. તેમણે કહ્યું : જાલિમો! સૂનો! હમે મૌત સે ડર નહીં હૈ. હમ તૂમ્હારે જૂલ્મ સે ડરનેવાલે નહીં હૈ. હમ તૂમ્હારી હકૂમત સે ડરને વાલે નહીં હૈ. હમ સબ્ર સે કામ લેંગે લેકિન મૈદાન કિસી હાલત મેં નહી છોડેંગે! અગાઉના સમયમાં આવી હૅટ-સ્પિચ આપી શકાતી ન્હોતી. બધ્ધા જ વક્તાઓ પણ રા' રાખીને જ વાત કરતા. પણ હમણાં-હમણાં ચિત્ર-ચરિત્ર બદલાય રહ્યાં છે. ઔવેસીઓ જ બેફામ બન્યા એવું નથી. કટ્ટર હિન્દુવાદીઓ પણ ઓછા નથી ઉતરતા. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવત ગયા ગુરૂવારે પૂર્વી મહારાષ્ટ્રના ભાનખેડા રોડ પર કંવરરામ ધામના એક કાર્યક્રમમાં બોલ્યા કે જે સમાજને હિંસા પ્રિય છે તે હવે તેના અંતિમ દિવસો ગણી રહ્યો છે!! મોહન ભાગવતનો ઈશારો કોના તરફ અને દાવો કેવો છે તે કહેવાની જરૂર ખરી?

દેશનાં રાજકીય-સામાજિક સંગઠનોનાં જવાબદાર નેતાઓ ખૂલ્લેઆમ આવી હેટ-સ્પિચિસ આપી રહ્યા હોય ત્યાં 'આમ-જનતા'ને કોણ રોકી શકે? સોશિયલ મીડિયામાં વડર્ઝસ-વૉર ફાટી જ નીકળ્યું છે. ભલે સરકાર કહેતી હોય કે સામાજિક સૌહાર્દ બગાડનારા મેસેજિસ્ પર વૉચ રખાય રહી છે અને દોષિત-ઍડમિન પર કાર્યવાહી કરાશે. પણ વાતમાં કોઈ દમ નથી. સોશિયલ મીડિયામાં તો એક ભારત વૅર-વિખેર ભારત જેવું લગભગ થઈ જ ગયું છે. નફરત એ હદે વકરી ચૂકી છે કે મોરારિબાપુ જેવા રામાયણી-વક્તાના વીડિયોનો પણ અમૂક હિસ્સો વાયરલ કરી ગજબની ઉત્તેજના ફેલાવતાંય કોઈ અચકાતું નથી. હમણાં એક વીડિયો ખૂબ વાયરલ થયો જેમાં મોરારિબાપુ તલગાજરડાનાં રામ મંદિરમાં મુસલમાનોને નમાઝ માટે વૅલકમ કહેતા જોઈ-સાંભળી શકાય છે. પણ એ અર્ધસત્ય છે. વીડિયોમાં આગળનો ભાગ દર્શાવાયો નથી. જેમાં મોરારિબાપુ એમ પણ કહે છે કે પછી પ્રાર્થના માટે મસ્જિદો પણ ખુલ્લી રાખજો! જિસસ ક્રાઈસ્ટે બાઈબલમાં કહ્યું કે હું તમને જે અંધારામાં કહું છું એ તમે અજવાળામાં બોલજો. પણ હાલનાં સંજોગોમાં તેનું પાલન થતું નથી. ઊલ્ટાનું ઉલટસૂલટ કરવામાં આવે છે. કેમ કે લેખની શરૂમાં લખ્યું તેમ દેશનું જનમાનસ ભયાવહ રીતે પલ્ટાતું જાય છે. શેક્સપિયરનાં નાટક કિંગ લિયરમાં એડમંડ કહે છેઃ સમજી લે તું, આ વાત, કે માણસો જેવો સમય હોય તેવા જ બની જાય છે! પલ્ટાતા જનમાનસમાં ભારતની સ્થિતિ બેહદ નાજુક બનતી જાય છે. કોઈ કવિએ પોટાશ કહ્યું તેમ : જેવો હિન્દુસ્તાનનો વર્તમાન છે અને કમનસીબે આપણી સ્થિતિ 'રૂ'ની દુકાન જેવી છે. જવાબદાર નેતાઓ જ બેફામ બોલવા-વર્તવા લાગ્યા એમાં આમ જનતા ઔર વકરી. અધૂરામાં પુરૂ સોશિયલ મીડિયા જેવું સ-શક્ત માધ્યમ તેનાં હાથવગું છે. બાઈબલનાં પોવર્બ્ઝ નામનાં પ્રકરણ ૨૩માં ૯મી સૂરા શું કહે છે, સાંભળો : બેવકૂફનાં કાનમાં વાત નહીં કર, કારણ કે એ તારા શબ્દોના ડહાપણને ધૃણા કરશે! અહીં તો 'કાન' નહીં જબાન પણ બેવકૂફો જ ચલાવી રહ્યા છે, અંજામ-એ-ગૂલિસ્તાઁ કયા હોગા? હવે વૉટસએપ મંચ પર લોકો ખુલ્લેઆમ એવું લખવા માંડ્યા છે, જાણે સરકારે બેફામ છૂટ આપી દીધી હોય. અથવા તો વૉટસઍપ-ફૅસબૂક જેવા સોશિયલ મીડિયાનાં કારણે જ હિન્દુઓમાં એકતા અને જાગૃતિ વધુ આવવા લાગશે એવું સ્વયં સરકાર માનતી થઈ લાગે છે. અન્યથા અમૂક પ્રકારનાં ભડકામણાં 'સંદેશા' શેર થઈ જ કેમ શકે? એક મેસેજમાં કહેવાયું (રાધર, લખાયું) છે કે હવે 'જાગૃતિ'ની અસર દેખાવા લાગી છે. અજમેર દરગાહ જનારા હિન્દુઓની સંખ્યામાં ૬૦ ટકા ઘટાડો નોંધાયો છે. વિધર્મીઓને કટ્ટર હિન્દુવાદીઓ હવે 'શાંતિદૂત' નામે સંબોધવા લાગ્યા છે. તેઓ લખે છે : હવે હિન્દુભાઈ-બહેનો ઘરવખરીનો કોઈપણ સામાન સ-ધર્મીઓની દુકાનોમાં જ ખરીદતા થયા છે, શાંતિદૂતો હવે આ મુદ્દે મસ્જિદ-મંથન કરી રહ્યાં છે. રાષ્ટ્રવિરોધી નિવેદનો કરનારા મુસ્લિમ કલાકારો અને હિરોઈનોની ફિલ્મોની આવકમાં પણ જબરદસ્ત ઘટાડો થયો છે. ૨૦૧૪ સુધી મુસ્લિમોનાં હમદર્દ થવાની રાજકીય નેતાઓની રેસ ૨૦૧૯ સુધીમાં પલ્ટાઈને હિન્દુ-તરફી થવાની રૅસમાં પલ્ટાઈ ગઈ. ૭ વર્ષમાં કેટલું બદલાઈ ગયું? ભારતનાં કોઈ સેકયુલર નેતાઓ આખી ચૂંટણીમાં ચોખ્ખી (કોઈ એક) ટોપી પહેરી નથી! લોકો સોશિયલ મીડિયાના સશક્ત વર્જન મોબાઈલને મહાસમરનું યંત્રસૂત્ર માનવા લાગ્યા છે. લખે છે કે 'સ્વ-રક્ષણ' માટે પણ દરેકે-દરેક વ્યક્તિએ શક્ય એટલી વહેલી તકે આત્મનિર્ભર બનવું જોઈએ. અન્ય ધર્મો માટે જે રીતે ખ્રિસ્તી મિશનરીઝ, વક્ફ બોર્ડ કે ગુરૂદ્વારા સમિતિઓ છે તેમ રાષ્ટ્રીય હિન્દુ બોર્ડ કેમ નહીં? અધૂરામાં પૂરું સ્વામી સચ્ચિદાનંદજીના નામે પણ કહેવાતા ક્રાંતિકારી વિચારો ખૂબ ફરતા થયા છે. એક મેસેજ જૂઓ : જો મસ્જિદ ખાનગી મિલકત છે તો મૌલવીઓને સરકારી પગાર શા માટે? અને જો મંદિર સરકારી મિલકત છે તો પૂજારીને સરકારી ધારાધોરણ પ્રમાણે પગાર ભથ્થાં કેમ નહીં? સ્વામી સચ્ચિદાનંદજીએ આવું કહ્યાંનું કયાંય પ્રમાણ નથી પણ સોશિયલ મીડિયામાં ધૂમ ચાલે છે! વળી બીજા એક મેસેજમાં ૧૮ જેટલી ગજબ માગણીઓ રજૂ કરવામાં આવી છે. જેમાની કેટલીક આવી છે. (૧) મસ્જિદો પરથી લાઉડ સ્પીકરો હટાવવા (૨) સરકાર હસ્તકનાં સનાતન ધર્મનાં તમામ મંદિરોનો વહિવટ સ્થાનિક ટ્રસ્ટોને સોંપવો (૩) ગૌ-માતાનાં લોહીનું ટીપું ગુજરાતની ધરતી પર પડતું બંધ કરાવવું અને ગૌહત્યા બદલ ફાંસીની સજા (૪) સનાતન ધર્મના મંદિરોના નિભાવ માટે દર મહિને રૂપિયા ૧૦,૦૦૦ની સહાય, મફત વીજળી અને પૂજારીઓને પગાર (૫) અમદાવાદ શહેરનું નામ બદલી કર્ણાવતી કરવું (૬) અશાંત ધારાના નામે ચાલતું નાટક બંધ કરી વિધર્મીઓ માટે જમીન મકાન ખરીદ-વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ (૭) હિન્દુ ધર્મના દેવસ્થાનોની આજુબાજુમાં ૧૦૦૦ મીટર વિસ્તારમાં માંસાહારી ખોરાક પર પ્રતિબંધ....વગેરે! આવી તો કુલ ૧૮ માંગણીઓ છે અને જો સરકાર તેના પર ધ્યાન નહીં આપે તો ગુજરાત વિધાનસભાની ૪૬ બેઠકો પર સાધુ-સંતો ગુજરાત નવનિર્માણ સેનાના બૅનર તળે ચૂંટણી જંગમાં ઝંપલાવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. અભિવ્યક્તિની આઝાદીનાં નામે કંઈપણ લખી-કહી શકાય તેવું તો આપણે ત્યાં જ શક્ય છે. એક મેસેજમાં જયશ્રી રામ...કહીને લખાયું કે ૩૦-૪૦ હજાર કે મોબાઈલ લેકર ઘૂમનેવાલે હિન્દુઓ, પાંચ-સાત હજાર કા હથિયાર ભી ખરીદ કર ઘર મેં રખ લો. પછીનું વાક્ય વધુ ગંભીર છે. જિસ દિન 'ધર્મ-યુધ્ધ' હોગા ઉસ દિન યે મોબાઈલ કામ નહીં આયેગા! તો એક વોટ્સઍપ મેસેજમાં કહેવાયું કે અકબર, ઔરંગઝેબ, બાબર ખાલી ભારતમાં જ મહાન છે. બાકી...૫૯ ઈસ્લામિક દેશોમાં આ કોઈનાં નામ પરની એક મૂતરડીય નથી! એ ઓછું હોય તેમ કેરળ સરકારનાં પૂર્વ ચીફ વ્હીપ અને કૉંગ્રેસના પૂર્વ ધારાસભ્ય પી.સી.જયોર્જ ફાટ્યા (મતલબ, બોલ્યા) કે હિન્દુ રાજયોમાં મુસ્લિમો દ્વારા ચલાવાતી રેસ્ટોરન્ટમાં જવું નહીં કેમ કે તેની હોટલો-રેસ્ટોરાઁમાં નપુસંક બનાવવાની ચા વેંચવામાં આવે છે! આવું માનસ-પલ્ટાવનું કારણ એકતરફી નથી. સરકારની ખામૌશીનો ગેરલાભ બેઉબાજુથી ઊઠાવાઈ રહ્યો છે. ઔવેશી ભરી-મસ્જિદમાં એલાન કરે છે કે : જાલિમો! સૂનો! હમ સબ્ર સે કામ લેંગે, લેકિન ઈન્તકામ તો જરૂર લેંગે ઈન્શાઅલ્લાહ! અસદુદીન ઔવેસીએ તો ગઈકાલે પણ આવું જ ભડકામણું ભાષણ આપ્યું. કહ્યું : દેશમાં સમાન નાગરિક સંહિતા (યૂનિફોર્મ સિવિલ કોડ)ની જરૂર જ નથી. કિસી માઈ કે લાલ મેં હિંમત નહીં કિ હમે (મુસલમાનોં કો) પંચિંગ બૈગ બના સકે! ઔરંગાબાદમાં ઈફ્તાર પાર્ટીમાં બોલતા ઔવેસીએ કહ્યુંઃ અગર કોઈ મુસલમાન કટ્ટર હો જાયેગા તો યહ દેશ કે લિયે અચ્છા નહીં હોગા!! એકબીજાને ફાડી ખાવાની જાણે હિન્દુ-મુસ્લિમ નેતાઓ વચ્ચે હોડ જામી હોય તેવો માહોલ છે. આ સંજોગોમાં મોદીનું 'સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા વિશ્ર્વાસ ઔર સબ કા પ્રયાસ'નું સૂત્ર તો જાણે સાવ ઢબૂરાતું જાય છે. સમૂચા દેશે શાંતિથી આગળ વધવું હશે તો સરકારે લવારા કરતી જીભડીને સંયમમાં રાખવાની સખ્ની વર્તાવવી પડશે. કેમ કે...તમે અડધી મૂર્ગી ખાવા માટે અડધી ઈંડા મૂકવા માટે રાખી મૂકો એમ કદાપિ બને નહીં, શું કયો છો?

**ભમરાને ભારે ડાયાબિટીસ નીકળ્યો એમાં ફૂલો થઇ ગયા છે નિરાશ,**
**ગધેડાને જ્ઞાનનું ગૂમડું થયું એથી જ્ઞાની હોવાનો થયા કરે છે આભાસ,**
**સાપને સારણગાંઠ નીકળી છે, તોય બોલો એ ઉંદર પકડવા જાય,**
**વિદેશના વાંદરાઓ એમનાં બચ્ચાંને ફક્ત મિનરલ વોટર જ પાય.**
**શિયાળ સાંભળવાનું મશીન પહેરે, છતાં કોઇની ચીસ ન સંભળાય,**
**ઊંટે આંખનો મોતીયો ઉતરાવ્યો, પણ હજી એને મૃગજળ જ દેખાય.**
**માણસનાં મગજમાં એવો વ્હેમ કે એની સુવાસ જગ આખામાં ફેલાય,**
**એ વસ્ત્રો પર અત્તર છાંટીને નીકળે, પણ એના વિચારો કેટલા ગંધાય?**
**- કવિ વિક્રમ સોલંકી (જનાબ) મો.નં.૮૯૮૦૩ ૨૨૩૫૩**

# કોઇને કોરોનાની વેકસીન લેવાં માટે બાધ્ય ન કરી શકાય : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કોરોના વેક્સીન પોલિસીનેયોગ્ય ઠેરવી છે. પણ સાથે જ એમ પણ કહ્યું છે કે, કોઈપણ વ્યક્તિને વેક્સીન લેવા માટે બાધ્ય ન કરી શકાય. ઉચ્ચતમ ન્યાયલયે આ વાત વેક્સીન ડેટા અને વેક્સીનને જરૂરી બનાવવાની માંગણી માટે એક અરજી પર નિર્ણય સંભળાવતા કહ્યું. સાથે જ સુપ્રીમ કોર્ટે સરકારને કલીનિકલ ટ્રાયલનાં ડેટા પર જાહેર કરવાનું કહ્યું છે.સુપ્રીમ કોર્ટે એ વાત પર નારાજગી વ્યક્ત કરી હતી કે કેટલીક રાજ્ય સરકારો જાહેર સ્થળોએ રસીકરણ ન કરાવનારાઓને પ્રવેશ નથી આપી રહી. કોર્ટે આને અન્યાયી ગણાવ્યું હતું. તેમજ રાજ્યોને આવા નિયંત્રણો દૂર કરવા સૂચન કર્યું હતું. જો કે, કોર્ટે એમ પણ કહ્યું કે સરકાર નીતિ બનાવી શકે છે અને જનતાના ભલા માટે કેટલીક શરતો મૂકી શકે છે. સુપ્રીમ કોર્ટના જણાવ્યા અનુસાર, વર્તમાન રસી નીતિને અન્યાયી અને સ્પષ્ટપણે મનસ્વી કહી શકાય નહીં.


વેક્સીન નીતિ ાન્ય રાખવું અનુચિત ન્યાયમૂર્તિ એલ નાગેશ્વર રાવ અને બીઆર ગવઈની બેન્ચે અવલોકન કર્યું કે બંધારણની કલમ ૨૧ હેઠળ ભૌતિક સ્વાયત્તતા અને અખંડિતતા સુરક્ષિત છે, સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે વર્તમાન કોવિડ-૧૯ રસી નીતિ સ્પષ્ટપણે મનસ્વી અને ગેરવાજબી છે. ખંડપીઠે કહ્યું, 'જ્યાં સુધી સંખ્યા ઓછી ન આવે ત્યાં સુધી અમે સૂચવીએ છીએ કે સંબંધિત આદેશોનું પાલન કરવું જોઈએ અને જાહેર સ્થળોએ રસીકરણ ન કરાવેલ લોકો પર કોઈ પ્રતિબંધ લાદવો જોઈએ નહીં. જો કોઈ પ્રતિબંધ પહેલેથી જ છે, તો તેને દૂર કરવો જોઈએ.ડેટા જાહેર કરવાનો



આદેશ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પણ કહ્યું છે કે કોરોનાની રસી લેવાથી કેવા પ્રકારની આડઅસર થઈ રહી છે તેનો ડેટા સાર્વજનિક કરે. આ સાથે ક્લિનિકલ ટ્રાયલનો ડેટા પણ સરકારને જાહેર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે બાળકોને રસી આપવાનો નિર્ણય સભાન અને આંતરરાષ્ટ્રીય માપદંડો અનુસાર હોવો જોઈએ.ખંડપીઠે એમ પણ કહ્યું હતું કે રસીના ટ્રાયલ ડેટાને અલગ પાડવાના સંદર્ભમાં, હાથ ધરવામાં આવેલા તમામ પરીક્ષણોનો ડેટા અને તે પછીના તમામ ટ્રાયલ હાથ ધરવામાં આવનાર છે તે વ્યક્તિઓની ગુપ્તતાને આધિન વિલંબ કર્યા વિના લોકોને ઉપલબ્ધ કરાવવો જોઈએ. સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને વ્યક્તિઓના વ્યક્તિગત ડેટા સાથે સમાધાન કર્યા વિના જાહેરમાં સુલભ સિસ્ટમ પર લોકો અને ડોકટરો પર રસીની પ્રતિકૂળ અસરોના અહેવાલો પ્રકાશિત કરવા પણ જણાવ્યું હતું.

## નોન-વેક્સીનેટેડ લોકો માટે જાહેર સ્થળો પર પ્રતિબંધ ન મુકી શકાય

### કોરોના વિરૂધ્ધ વેકસીનેશન ડ્રાઇવ અંગે સુપ્રીમ કોર્ટે આપ્યો મોટો ચુકાદો




રસીકરણ અંગેના પ્રતિબંધો હટાવવા રાજ્ય સરકારોને આદેશ સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે કોઈ પણ વ્યકતિને રસીકરણ માટે દબાણ કરી શકાય નહીં. કોર્ટે સરકારની વર્તમાન રસી નીતિ પર સંતોષ વ્યક્ત કર્યો અને કહ્યું કે સરકાર જનહિતમાં કેટલાક નિયંત્રણો લાદી શકે છે.

જો કે, કેટલીક રાજય સરકારો દ્વારા પ્રતિબંધો પર, કોર્ટે કહ્યું કે જાહેર સ્થળોએ રસી ન અપાવનારા લોકોની પહોંચને રોકી શકાય નહીં. કોર્ટે કહ્યું કે આવા આદેશો પાછા ખેંચવા જોઈએ. સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને રસીકરણની પ્રતિકૂળ અસરો સાથે સંબંધિત ડેટા સાર્વજનિક કરવા પણ કહ્યું છે.

# બાળકોની ચોથી રસીને નિષ્ણાતોની મંજૂરી

દેશમાં ૧૨-૧૭ વર્ષની ઉંમરના કિશોરો માટે વધુ એક નવી કોરોના વેક્સિન મળવા જઈ રહી છે. નેશનલ ટેકનિકલ એડવાઈઝરી ગ્રુપ ઓન ઈમ્યુનાઈઝેશનએ શુક્રવારે આ વયજૂથ માટે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની કોરોના વેક્સિન કોવોવેક્સને મંજૂરી આપી છે. એક સપ્તાહમાં બાળકો માટે આ ત્રીજી વેક્સિનને મંજૂરી આપવામાં આવી છે. આ અગાઉ ત્રણ વેક્સિનને મંગળવારે મંજૂરી આપવામાં આવી હતી.

આ અગાઉ કેન્દ્ર સરકારે ગુરુવારે જાહેરાત કરી હતી કે બાળકોને વેક્સિનેશન અંગે એક વટહૂકમ જાહેર કરવામાં આવશે. આ વટહૂકમ બેઠકમાં કરવામાં આવનારી ભલામણોના આધારે હશે. હવે બેઠક પૂરી થઈ ગઈ છે અને સરકાર તરફથી વટહૂકમ જાહેર થાય તેની રાહ જોવાઈ રહી છે.

હકીકતમાં ગુરુવારે સરકારે જાહેરાત કરી હતી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌ બાળકોને જલ્દીથી વેક્સિન મળે તે બાબત ઉપર ભાર મુક્યો હતો. પીએમ મોદી ઈચ્છે છે કે બાળકોનું વેક્સિનેશન કરવા માટે શાળાઓમાં વિશેષ અભિયાન ચલાવવામાં આવે. તેમણે આ કાર્યને સરકારની પ્રાથમિકતાની યાદીમાં સામેલ કરી છે.

ભારતીય ડ્રગ્સ નિયમકર્તા મંગળવારે પણ ત્રણ કોરોના વેક્સિનના ઈમર્જન્સી ઉપયોગને મંજૂરી આપી હતી. પથી ૧૨ વર્ષની વયના બાળકો માટે બાયોલોજીકલ-ઈ કંપની કોર્બેવેક્સ અને ૬ થી ૧૨ વર્ષની વયના કિશોરો માટે ભારત બાયોટેકની કોવેક્સિનને મંજૂરી



આપી હતી. આ ઉપરાંત ૧૨ વર્ષથી વધારે ઉંમરના બાળકો માટે ઝાયડસ કેડિલાની ઝાયકોવ ડી વેક્સિનને પણ ઈમર્જન્સી યુઝ માટે મંજૂરી આપવામાં આવી હતી.

કોવેક્સિન હવે ૬ વર્ષથી લઈ ૧૦૦ ઉંમરના લોકો માટે ઉપલબ્ધ છે. જોકે અલગ-અલગ વયજૂથમાં નામ એક જ હોવા છતાં વેક્સિનમાં અંતર છે. બાયોલોજિકલ-ઈની કોર્બેવેક્સ સ્વદેશી સ્વરૂપમાં તૈયાર કરવામાં આવેલી

પ્રોટીન સબ-યુનિટ વેક્સિન છે અને ૧૨થી ૧૪ વર્ષ સુધીની ઉંમરના બાળકોને અગાઉથી જ આપવામાં આવી છે.

ફાઈઝરની વેક્સિન ટેસ્ટમાં ફેઈલ કોરોના સામે લડવા માટે ફાઈઝરના પ્રયાસને મોટો ઝટકો લાગ્યો છે. કોરોનાને લઈને ફાઈઝર દ્વારા બનાવવામાં આવેલી જાણીતી દવા ટેસ્ટમાં ફેલ થઈ ગઈ છે. એટલે કે તાજેતરમાં જ કોરોના સંક્રમિત પર તેનું પરીક્ષણ કરવામાં આવ્યું. આ દરમિયાન, આ દવા સંક્રમિતોમાં કોવિડ-૧૯ના જોખમને ઘટાડવા તેના પ્રાથમિક લક્ષ્યને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહી. કંપનીએ ખુદ મીડિયાને આ જાણકારી આપી છે. ફાઈઝરે શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઘરેલુ સંપર્કના માધ્યમથી આવતા પુખ્ત વયના લોકોમાં કોવિડ-૧૯ સંક્રમણના ખતરાને રોકી નથી શક્યો. જો કે, પ્લેસિબોની સરખામણીમાં આ દવાએ લગભગ ત્રીજા ભાગનું જોખમ ઘટાડ્યું હોવા છતાં આ સંખ્યા જરૂરી સંખ્યા કરતા ઘણી ઓછી છે.

# વધી રહેલી ગરમીમાં કૂલર ખરીદતા પહેલા આ એક વાતનું ખાસ ધ્યાન રાખજો

જો તમે ઘરનો કોઈ એક જ રૂમ ઠંડો કરવા માગો છો તો રૂમ પર્સનલ કૂલર તમારા માટે શ્રેષ્ઠ છે. આ એક એવું કૂલર હોય છે જે તમે રૂમમાં સરળતાથી મૂકી શકો છો અને ડેઝર્ટ કૂલરની સરખામણીમાં ઘણું નાનું હોય છે. આ કૂલરમાં પાણીનો ઓછો ઉપયોગ થાય છે. કંપનીઓ આ કૂલર વેચતી વખતે એ પ્રકારે દાવો કરે છે કે તેમાં વેન્ટિલેશનની જરૂર નથી.

ઉનાળાની ગરમીમાં કૂલર અને એ.સી. ની ડિમાન્ડ વધી જાય છે. લોકો પોતપોતાના બજેટ અનુસાર કૂલર અથવા એસીની ખરીદી કરતા હોય છે. ત્યારે કૂલર ખરીદતા પહેલા તે સાથે જોડાયેલી કેટલીક ખાસ વાતો જાણવી જરૂરી છે. અત્યારે ભારતના માર્કેટમાં ૨ પ્રકારના કૂલર ઉપલબ્ધ છે કે જેમાં લોખંડ અને પ્લાસ્ટિકના કૂલર જોવા મળે છે. કોઈ વ્યક્તિ જ્યારે પણ કૂલરની ખરીદી કરે ત્યારે પોતાના બજેટ મુજબના કૂલરની ખરીદી કરતા હોય છે.કૂલરના કુલ બે પ્રકાર હોય છે કે જેમાં ડેઝર્ટ કૂલર અને રૂમ પર્સનલ કૂલરનો સમાવેશ થાય છે. સામાન્યરીતે કોઈ વ્યક્તિ જ્યારે માર્કેટમાં કૂલરની ખરીદી કરવા



જાય ત્યારે તે અંગેની કોઈ વધારે જાણકારી એકત્રિત કરતા નથી. પણ, કૂલર ખરીદતા પહેલા તે સંબંધિત માહિતી જાણવી જરૂરી છે.

**શું હોય છે ડેઝર્ટ કૂલરઃ** જ્યાં વધારે ગરમી પડતી હોય તે વિસ્તારોમાં ડેઝર્ટ કૂલરનો ઉપયોગ કરવામાં આવે છે. મોટા ઘરમાં ડેઝર્ટ કૂલર ખૂબ જ ઉપયોગી અને ફાયદાકારક સાબિત થાય છે. ડેઝર્ટ કૂલર રૂમની બારી પર લગાવવામાં આવે છે અને જ્યાં ઘર અથવા તેના રૂમ ખૂબ મોટા હોય ત્યાં આ કૂલરનો ઉપયોગ કરવામાં આવે છે. આ કૂલરમાં ફેન એટલે કે તેનો પંખો મોટો હોવાથી તે મોટા રૂમ અથવા ઘરમાં લગાવામાં આવે છે.

**રૂમ પર્સનલ કૂલરઃ** જો તમે ઘરનો કોઈ એક જ રૂમ ઠંડો કરવા માગો છો તો રૂમ પર્સનલ કૂલર તમારા માટે શ્રેષ્ઠ છે. આ એક એવું કૂલર હોય છે જે તમે રૂમમાં સરળતાથી મૂકી શકો છો અને ડેઝર્ટ કૂલરની સરખામણીમાં ઘણું નાનું હોય છે. આ કૂલરમાં પાણીનો ઓછો ઉપયોગ થાય છે. કંપનીઓ આ કૂલર વેચતી વખતે એ પ્રકારે દાવો કરે છે કે તેમાં વેન્ટિલેશનની જરૂર નથી. આ દાવો માત્ર રૂમ પર્સનલ કૂલર માટે જ કરી શકાય છે.

# દાગીના બનાવી લેજો અખાત્રીજના સોનાના ભાવમાં મોટો ઘટાડો, ચાંદી ૨૦૦૦ સુધી સસ્તી



અખાત્રીજનો શુભ દિવસ છે. આ દિવસે ભારતીયો સોના-ચાંદીની ખરીદીને શુભ માને છે. આવી સ્થિતિમાં, જો તમે પણ આ અક્ષય તૃતીયા પર સોનું ખરીદવાનું વિચારી રહ્યા છો, તો તમારા માટે એક સારા સમાચાર છે. ભારતીય બુલિયન માર્કેટમાં ૨ મે, સોમવારે અક્ષય તૃતીયા પર સોના અને ચાંદી બંનેના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો છે.

પ્રતિ ૧૦ ગ્રામમાં ૬૪૯ રૂપિયાનો ઘટાડો

ઈન્ડિયા બુલિયન એસોસિએશન દ્વારા સોમવારે જાહેર કરવામાં આવેલા સ્પોટ રેટ મુજબ ૨૪ કેરેટ શુદ્ધ સોનું આજે ૫૧,૪૦૬ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના ભાવે ૬૪૯ રૂપિયા સસ્તું (સોનાનો ભાવ) ખુલ્યું હતું. તે જ સમયે, આજે ચાંદી ૧૯૫૪ રૂપિયાના ઘટાડા સાથે ૬૨૮૨૦ રૂપિયા પ્રતિ કિલો પર વેચાઈ રહ્યું છે. ૨૪ કેરેટ સોનું ૯૯.૯૯ ટકા શુદ્ધ છે અને તેમાં અન્ય કોઈ ધાતુની ભેળસેળ કરાતી નથી. તેનો રંગ ચળકતો પીળો હોય છે. ૨૪ કેરેટનું સોનું ૨૨ કે ૧૮ કેરેટના સોના કરતાં ઘણું મોંઘું છે.

TIMES OF CERAMIC®
COMING UP NEXT...
INTERNATIONAL DIRECTORY-2023
WWW.TIMESOFCERAMIC.COM , WWW.CERAMICTODAY.IN
CERAMIC TODAY®
MAYUR K. BUDHABHATTI ( OWNER & EDITOR ) TIMES OF CERAMIC , CERAMIC TODAY & LOK JWALA NEWS ( SUB-EDITOR ) DIVYA DRASHTI = +91 96019 77755

# ડોક્ટરો પર ગ્રાહક સુરક્ષા અધિનિયમ હેઠળ ફરિયાદ થઇ શકેઃ સુપ્રીમ કોર્ટ

## સંસદ જો બાકાત રાખવા માગતી હોત તો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હોત, એનજીઓની અપીલ ફગાવતી સુપ્રીમ કોર્ટ

જુઓ પાનું (૨)


Shree MUNGALAM CEMENT
The true identity of Strength
AN ISO 9001:2015 COMPANY
WIN-TECK CEMENT
53 GRADE
SAIN MICRONS LLP. Sr. No. 80, P2, Jambudiya, Bhayati, Wankaner - 363621, Dist. Morbi (Guj.) INDIA. Customer Care : +91 98792 98191 E-mail : sainmicrons@gmail.com

WORLD OF FURNITURE
7990095952 | 9537613975 | 9825829538 | 9974800271
rama PVC LAMINATE New Arrival
જો તમે કિચનનું, ઘરનું કે ઓફિસનું ફર્નિચર કરાવવા વિચારી રહ્યા છો તો ફર્નિચર કરાવતા પહેલા પી.વી.સી. ફર્નિચરનુ ટકાવપણું અને આકર્ષક દેખાવ સાથે ખર્ચમાં પણ કિફાયતી એવું પી.વી.સી. ફર્નિચર જોવા અચુક પધારશો ત્યારબાદ જ ફર્નિચર બનાવવાનો નિર્ણય લેશો..
PVC Door, Modular PVC, Kitchen, Maliya, Cabinet, Office Furniture Sliding Wardrobe Cabinate, Ciling, & Wall Paneling, All Type of PVC Furniture
પીવીસી ફર્નિચર તો રીયલ નું જ
REAL PLAST SAMAY PVC PROFILES
ઉધઈથી બચાવ | કલરની જરૂર નહિ | આગથી બચાવ | ખર્ચ ઓછો | સરળ ઈન્સ્ટોલેશન
Opp. Essar Petrol Pump, At Bharkadevi Ice-Cream, Bhaktinagar Circle, Shanala road, Morbi.

ઓથોરાઇઝડ ડિસ્ટ્રીબ્યુટર
મારુતિ એન્ટરપ્રાઇઝ
SINCE 10 YEARS
Sheetal ICE CREAM
શીતલ આઇસ્ક્રીમનું વેચાણ કરવા માટે દુકાનદાર ભાઇઓ આજે જ સંપર્ક કરો
સૌથી વધુ પાર્ટી ઓર્ડરની સર્વિસ આપતી મોરબીની એકમાત્ર એજન્સી
હિતેશ દેવરાઃ 99133 41952
જીજ્ઞેશ દેવરાઃ 98799 21799
સર્કીટ હાઉસ રોડ, માધવ હોલની બાજુમાં, મહેન્દ્રનગર મેઇન રોડ, મોરબી.
Email: hrdevara@rediffmail.com

મોરબીની સ્વાદપ્રીય જનતા માટે લાવ્યા છીએ, કચ્છ ના જાણીતા જીજ્ઞા કેટર્સ દ્વારા...
82388 82318
DaBellie
Ram food
કચ્છી શોધની, વૈશ્વિક ઓળખ...
અમારે ત્યાં મળશે...
દાબેલી

ખરીદી આખુ વર્ષ બચત આખુ વર્ષ
ARIHANT SUPER MART
અરિહંત મોલ આપને આપે છે ૩૬૫ દિવસ આકર્ષક છૂટ
ARIHANT SUPER MART
+91 98250 24532
arihantsupermart2312@gmail.com
માધવ કોમ્પ્લેક્ષ, એસાર પેટ્રોલપંપની બાજુમાં, ત્રાજપર ચોકડી, મોરબી-૨.

Mo. 79902 36256 Mo. 75750 48136
શ્રી લક્ષ્મી એમ્પોરીયમ
શુટીંગ-શર્ટીંગનો શો-રૂમ
અમારે ત્યાંથી પેન્ટ, શર્ટ, ઝભા-લેંઘા, શેરવાની, જોધપુરી બ્લેઝર શુટ, મેરેજ શુટનું કાપડ-સિલાઈ સાથે મળશે.
ફોરમલ જોડી કાપડ અને સિલાઈ સાથે
Raymond DONEAR Siyaram's Arvind
રવાપર રોડ, ચકિયા હનુમાનની બાજુમાં, સત્યસાઈ પાનની ઉપર, મોરબી.

અક્ષય તૃતીયા
www.unitechcomputerworld.com
unitech.morbi@gmail.com
Computer System - Laptop - Printer - Fax - Epabx - Consumable
LED TV | DESKTOP COMPUTER | LAPTOP | CCTV CAMERA | SPEAKER | Apple all products available with best buy.
લેપટોપની ખરીદી સાથે મેળવો આકર્ષક ગીફ્ટ
Service With Smile unitech Computer World
1st Floor, Maruti Complex, Opp. Ghanshyam Dairy Farm, Near HDFC Bank, Shakti Plot Main Road, Morbi-363641, Gujarat, INDIA. Ph: (0) 02822-225222 | Sales : +91 98980 21906 - Computer : +91 99799 99536 - Service +91 99251 50076

Sky Touch The Salon exited to announce the grand opening of our new branch at Morbi for Men's
You all are cordially invited to the opening ceremony of our new branch.
Coming Soon
SKY TOUCH MEN'S SALON
1st floor, Manav Palaza, Bapasitaram Chowk,Narsang Tekari, Ravapar Road, Morbi.
Follow Us
SKY TOUCH THE SALON
HAIR | BEAUTY | MAKE OVER
89 80 89 66 33 99 79 63 45 11
2nd floor, Manav Palaza, Bapasitaram Chowk, Narsang Tekari, Ravapar Road, Morbi.

સોનાના દાગીનાની વિશાળ રેન્જ ધરાવતો અદ્યતન શો-રૂમ
SHREE Bhagwati GOLD
ઋષીન માંડલીયા :૯૮૯૮૪૦૦૦૫૮
916 હોલમાર્ક ગોલ્ડ
ચકીયા હનુમાનજી સામે, રવાપર રોડ, મોરબી.

દિવ્યક્રાંતિ
મોબાઇલ પર ન્યુઝ અપડેટ અને ઈ-પેપર મેળવવા માટે આપનું નામ અને શહેરનું નામ લખી નંબર 9723162036 પર વોટસએપ કરો.
વોટસએપ ગ્રુપમાં જોડાવા માટે આ કોડ સ્કેન કરો





દિવ્યક્રાંતિ
EDUCATION SPECIAL
COMING SOON
www.divyakranti.com ▪ info@divyakranti.com ▪ Call: 097231 62036